# CIMS NEWS
# CARE & CURE

Volume-11 | Issue-120 | July 25, 2020



CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

CIMS® Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

CIMS NEWS CARE & CURE

Volume-11 | Issue-120 | July 25, 2020

# કોરોનરી બ્લોકેજ માટે ની અદ્યતન સારવાર – શોકવેવ ઈન્ટ્રાવાસ્ક્યુલર લિથોટ્રિપ્સી

શોકવેવ ઈનટ્રાવાસ્ક્યુલર લિથોટ્રીપ્સી એ રક્તવાહિનીઓમાં જમા થયેલા પડકારજનક કેલ્સિયમ યુક્ત બ્લોક માટે ની અદ્યતન સારવાર છે. શોકવેવ ઈનટ્રાવાસ્ક્યુલર લિથોટ્રીપ્સી માં એકોસ્ટીક સોનિક વેવ્ઝનો ઉપયોગ કરાય છે અને રક્તવાહીનીઓમાં જમા થયેલા કેલ્સીયમ યુક્ત બ્લોક ને તોડી પાડવામાં આવે છે. બલૂનની પરંપરાગત એન્જીઓપ્લાસ્ટી પધ્ધતિ નિષ્ફળ જાય એવા દર્દીઓ માં આ નવતર પદ્ધતિ લાભદાયી અને સફળ થાય છે.


લાંબા સમય થી રક્તવાહીનીઓમાં રહેલા બ્લોક માં કેલ્સીયમ વર્ષો કે દાયકા સુધી જામેલુ રહેતુ હોય છે, જેમાં પરંપરાગત બલૂન કેલ્સીયમ ને દૂર કરવામાં નિષ્ફળ જાય છે અને તેના કારણે એન્જીયોપ્લાસ્ટીમાં સંતોષ થાય નહી તેવાં પરિણામો પ્રાપ્ત થાય છે. શોકવેવ પ્રોસીજરની શોધને કારણે સખત જામેલા આકરા કેલ્સિયમની જટીલ સ્થિતિને ખુબજ સરળતાથી હલ કરી શકાય છે. અને પરફોરેશન/ ડીસેક્શન સહિતની વિપરિત સ્થિતિ સર્જાવાની ખૂબ ઓછી સંભાવના રહે છે.

સિમ્સ હોસ્પિટલની કાર્ડિયોલોજી સ્પેશ્યાલિસ્ટની ટીમએ આ અત્યંત નવતર પ્રકારની પ્રોસીજર કરવામાં સફળતા હાંસલ કરી છે. આ પ્રોસીજરમાં સિસ્ટમના કોન્સોલ સાથે જોડાયેલા અનોખા પલ્સ જનરેટરનો ઉપયોગ કરીને માત્ર ૩૦ થી ૪૦ સેકન્ડ સુધી શોકવેવનુ નિયમન કરવામાં આવે છે. આ સલામત ડિવાઈસ વડે થોડોક સમય બટન દબાવીને જામેલા કેલ્સિયમની પડકારયુક્ત સ્થિતિની સારવાર કરવામાં આવે છે.

## શોકવેવ ઇન્ટ્રાવાસ્ક્યુલર લિથોટ્રિપ્સી ની પ્રક્રિયાઃ

**સ્ટેપ-૧**

આઇવીએલ કેથેટરને 0.014" વાયર ઉપર કેલ્સિફાઇડ બ્લોક પર પ્રસ્થાપિત કરવામાં આવે છે અને બલૂનને 4 ATM સુધી વિસ્તૃત કરવામાં આવે છે.




**સ્ટેપ-૨**

ઇમિટર્સમાંથી ઇલેક્ટ્રિકલ ડિસ્ચાર્જ, ફુગ્ગાની અંદરના પ્રવાહીને બાષ્પીભવન કરે છે, જે ઝડપથી વિસ્તરતો અને તૂટી પડતો બબલ બનાવે છે જે સોનિક પ્રેશર વેવ્સ ઉત્પન્ન કરે છે.




**સ્ટેપ-૩**

તરંગો એક સ્થાનિક ક્ષેત્રની અસર બનાવે છે જે નરમ વેસ્ક્યુલર પેશીઓમાંથી પ્રવાસ કરે છે, અને તે હૃદય ની નળી ની દિવાલની અંદરના કેલ્શિયમને તોડે છે.



**સ્ટેપ-૪**

કેલ્શિયમને તોડી ને નરમ કર્યા પછી, બલૂન અને સ્ટેન્ટ ના ઉપયોગ દ્વારા હૃદય ની નળી ના બ્લોક ને સંપૂર્ણ પણે દૂર કરવામાં આવે છે.



**સૌજન્ય**

**ડૉ. તેજસ વી. પટેલ**

MD, DM Cardiology (Gold Medalist)

**ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ**

મો. +91-89403 05130

ઈમેલ: tejas.patel@cimshospital.org



# સીમ્સ હોસ્પિટલ

## ગુજરાતમાં સૌથી નાની વયની બાળકીનું લીવર ટ્રાન્સપ્લાન્ટ, માતાએ લીવરનો એક હિસ્સો ડોનેટ કર્યો.

**કોરોના મહામારી સમયમાં**

**અમદાવાદની સિમ્સ હોસ્પિટલમાં**
**બે વર્ષની હિરવાનું લીવર ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યુ**

અત્યાર સુધીમાં
**૬ લીવર ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યાં છે.**
બધામાં **૧૦૦ ટકા સફળતા**

**આભાર,**
**લીવર ટ્રાન્સપ્લાન્ટ ટીમ, સીમ્સ ફાઉન્ડેશન અને બીજા દાતાઓનો**

# સીમ્સ હોસ્પિટલ

**હૃદય પ્રત્યારોપણ માટે**
**ગુજરાતનું સૌથી પ્રથમ અને એકમાત્ર કેન્દ્ર**

**100th**

## હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ


જુલાઈ ૧૦, ૨૦૨૦



CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

CIMS NEWS CARE & CURE
Volume-11 | Issue-120 | July 25, 2020

# કોરોના કાળમાં વાસ્ક્યુલર સર્જરી કરાવવી કે નહિ ?



## કોરોના મારે કે કોરોનાનો ડર મારે ?

આજના સમયનો આ સળગતો પ્રશ્ન જયારે અખબારોમાં રોજે રોજ હજારોની સંખ્યામાં કોરોના દર્દીઓ સંક્રમિત એવું વાંચો અને એમાંય ખાસ કરીને મૃત્યુ પામેલા દર્દીઓનો આંકડો વાંચો ત્યારે ભયભિત થઈ જવાય એ સ્વાભાવિક છે. જયારે બધુ બરાબર થઈ જશે એવી આશા હતી, જયારે લોક ડાઉન પુરૂ થશે ત્યારે ડોકટરને મળીશું અને હાથ પગના દુખાવાની સમસ્યાનું નિરાકરણ લાવીશું એવા વિચારોની વચ્ચે જ લોક ડાઉન પણ હવે ખતમ થઈ ગયું છે, પરંતુ કોરોના વાયરસથી થતો કોવિડ-૧૯ રોગ એની ચરમસીમા એ પહોચવાની તૈયારીમાં છે.

આ લેખ એવા દર્દીઓને ધ્યાનમાં રાખીને લખવામાં આવ્યો છે કે જેઓને હાથ કે પગની નસોમાં લોહીના અપુરતા પરિભ્રમણ કે બ્લોકને કારણે અસહય દુખાવો થાય છે, જેઓને ચાલતા ચાલતા બેસી જવુ પડે છે અથવા હાથ પગની બળતરા રાત્રે સૂવા પણ દેતી નથી. જયારે પણ શરીરમાં લોહીની નસોમાં બ્લોકેજ ડેવલપ થતો હોય ત્યારે એની સાથે સાથે આજુ બાજુની નાની કુદરતી નસોમાં સરકયુલેશન વધી જાય છે અને એને કોલેટરલ (ર્ષ્ઠઙ્ગંઙ્ગંટ્ઠીટ્ઠિઙ્ગં )સરકયુલેશન કહેવાય છે.જે દર્દીમાં કોલેટરલ ની સાઈઝ મોટી/વધારે હોય તેને દુખાવો ઓછો થાય અને જેઓમાં કોલેટરલ ની સાઈઝ નાની/ઓછી હોય તેને વધારે દુખાવો કે બળતરા થાય છે. બીજી રીતે જોઈએ તો જેને વધારે દુખાવો/બળતરા છે, તેઓના પગમાં લોહીનું પરિભ્રમણ એટલી હદે ઓછુ છે કે ગમે ત્યારે પગ કાળો પડી શકે, જેને મેડીકલની ભાષામાં ગેન્ગ્રીન કહેવાય અને તેનો કોઈ ઈલાજ નથી. એવા પગને કાપીને શરીરથી છૂટો કરવામાં ન આવે તો જીવનું જોખમ થઈ શકે છે.

જો આપ એવા કોઈ દર્દીમાં સામેલ છો કે જેને આવા પ્રકારની તકલીફ થઈ રહી હોય તો આ સમય એ વિચારવાનો નથી કે હોસ્પિટલમાં જવાથી કોરોના થઈ જશે તો શું થશે ? પૂરતી સાવધાની રાખો તો કોરોના થવાની શકયતા ઘણી ઓછી છે, અને કોરોનાથી મૃત્યુ થવાની શકયતા નહિવત છે. પરંતુ સમયસર ડોકટરને ના મળો તો પગ ગુમાવવાની કે તેનાથી જીવ જવાની શકયતા ઘણી વધારે છે, એવું પણ બની શકે કે તમારા રોગનો કન્ટ્રોલ માત્ર દવાઓથી આવી શકે એમ હોય અને એ શરૂઆતનું સ્ટેજ માત્ર કોરોનાના ડરને કારણે હાથમાંથી સરકી જાય! સમયસર ડોકટરની સલાહ, જરૂર પ્રમાણેના રિપોર્ટ (ડોપ્લર, એન્જીયોગ્રાફી) કરાવ્યા પછી કદાચ જો ઓપરેશન (વાસ્કયુલર સર્જરી) કરાવવાનો વારો આવે તો પણ ડરવાની જરાય જરૂર નથી.



સીમ્સ ઈસ્ટ હોસ્પીટલ એક એવી અલાયદી હોસ્પિટલ છે કે જેમાં સંપૂર્ણપણે કોરોના સિવાયના દર્દીઓની સારવાર કરવામાં આવે છે, સંપૂર્ણપણે અલગ સ્ટાફ છે અને ડોકટર પણ સચેતપણે શકય એટલી તમામ સાવચેતી રાખીને ઓપરેશન કરે છે. લોહીની નસોમાં બલૂન કરવાનું હોય કે બાયપાસ કરવાની હોય કે વેરીકોઝ વેઈન્સમાં લેસર કરવાનું હોય એવી દરેક પ્રકારની વાસ્કયુલર સર્જરી અહી સંપૂર્ણ ચુસ્તતાથી અને દર્દીને સંતોષ થાય એ રીતે કરવામાં આવે છે. જીસ્જી (Sanitizer, Mask,Social Distance) નો મંત્ર જો બરાબર પાળવામાં આવે તો આ કોરોનાકાળમાં માત્ર કોરોના ને જ નહિ પરંતુ વાસ્કયુલર પ્રોબ્લેમને પણ હરાવી શકાય છે.

**સૌજન્ય**

**ડૉ. પ્રણવ એ. મોદી**
MS, M.Ch. (CVTS)
**કાર્ડિયોવાસ્કયુલર, થોરાસીસ અને થોરાકોસ્કોપીક સર્જન**
**થોરાસીસ ઓન્કોલોજી**
મો. +91-99240 84700
ઈમેલ: pranav.modi@cimshospital.org



JCI NABH NABL ACC

# HIP Fracture - થાપાના ફેક્ચર વિશે અચૂક જાણવા જેવું

થાપાનુ (HIP) ફેક્ચર વૃધ્ધાવસ્થામાં થનાર ફેક્ચરોમાં મોખરે છે. ૬૦-૬૫ વર્ષ કે વધારે ઉંમર ના દર્દી ને સામાન્ય રીતે ઘરમાં પગથીયાં ઉતરતા અથવા બાથરૂમ માં લપસીને પડતાં આ ફેક્ચર થાય છે. આ ફેક્ચર થવાથી દર્દી ઉભા નથી થઈ શકતા કે પોતાના પગ ને જાતે હલાવી નથી શકતા.



ડાબી બાજુ થાપાનું ફેક્ચર

થાપાનુ ફેક્ચર ગંભીર ઈજા છે. એની સારવારમાં ૯૫-૯૯% કેસમાં ઓપરેશનની જરૂર પડે જ છે વધારે ઉંમર, કમજોર હાડકાં, અને બીજી બિમારી જેવી કે ડાયાબીટીસ, બ્લડ પ્રેશર, હૃદયરોગ, વિગેરે ના કારણે જોખમ પણ વધારે હોય છે.

આ થાપાના ફેક્ચરનું નિદાન એક્ષ-રે પરથી થાય છે, અમુક કેસમાં CT-Scan અથવા MRI ની જરૂર પડી શકે.આ ફેક્ચરમાં થાપાના બોલ પરથી Crack હોય Neck femur (ગોળાનું ફેક્ચર)કહેવાય છે અને બોલની નીચે Crack હોય-જે ને Intertrochanteric Fracture (ગોળાની નીચેનું ફેક્ચર) કહેવાય છે.



થાપાના ફેક્ચરનો THR થી ઈલાજ

**સારવારઃ** Neck femur **(ગોળાનું ફેક્ચર)**

- ફેક્ચરનો ઈલાજ ૩-૪ screw અથવા screw Plate થી થાય છે.
- વધારે ઉંમર અથવા વધારે કમજોર હાડકામાં ગોળો બદલવાનું THR / Bipolar નું Operation કરવું પડે



Screw + Plate થી ઈલાજ

**સારવાર :** Intertrochanteric Fracture **(ગોળા નીચેનું ફેક્ચર)**

- આ ફેક્ચરમાં ૯૫% કેસમાં ગોળો બદલવાની જરૂર નથી
- સળીયો (PF NAIL) અથવા પ્લેટ બેસાડી (Plate + screw ) થી સારવાર થાય છે.



**Recovery :** છેલ્લા ૩ વર્ષમાં ડો. પ્રણવ શાહ અને તેમની ટીમે સીમ્સ હોસ્પિટલમાં ૩૫૦ થી વધારે દર્દીઓ થાપાના ફેક્ચરનું અલગ અલગ રીતે સફળતાપૂર્વક ઓપરેશન કરેલ છે.

આ પદ્ધતિનો સફળતાઓ આંક લગભગ ૯૫ ટકા જેટલો છે.

**સૌજન્ય**

**ડૉ. પ્રણવ એ. શાહ**

MS (Ortho), DNB (Ortho), MNAMS

**ઓર્થોપેડીક, ટ્રોમા અને હિપ સર્જન**

મો. +91-99798 95596

ઈમેલ: shah.pranav@cimshospital.org

Volume-11 | Issue-120 | July 25, 2020

# હરસ થી લઈ હર્ષ સુધી

સદીઓથી માનવી ને જો કોઈ રોગ પરેશાન કરી રહયો હોય તો તે છે હરસ(મસા). એક સર્વેક્ષણ મુજબ યુ.એસ.એ.ની ૫૦ વર્ષથી વધું ઉંમરની ૫૦% વસ્તી તેમના જીવનકાળમાં એકવાર મસાના રોગથી પીડાશે.

હેમરોઈડ્સ (હરસ) એટલે ગુદામાર્ગમાં ઉપસેલી, ફુલાએલી નસોમાં સોજો આવે છે. હેમરોઈડ્સ (હરસ)ના સૌથી સામાન્ય લક્ષણો ગુદામાર્ગ માંથી રકતસ્ત્રાવ, ખંજવાળ અને પીડા છે. તમે હેમરોઈડ્સ ને ગુદાની બહાર અને એની આસપાસ, અથવા તે ગુદામાર્ગની અંદર અનુભવી શકશો. હેમરોઈડ્સ સામાન્ય છે, જે પુરૂષો અને સ્ત્રીઓ બંન્ને માં જોવા મળે છે. જો કે હરસ સામાન્ય રીતે ગંભીર નથી, હરસ આરોગ્ય સમસ્યાઓનું કારણ બની શકે છે, અને પેશન્ટ અસ્વસ્થતા અનુભવી શકે છે. જો દર્દીઓ તેને ગંભીરતાથી ના લે તો શરીરમાંથી હિમોગ્લોબીનનું પ્રમાણ ઘટી જાય છે, જે જોખમી પુરવાર થાય છે.

## હરસ મસા થવાના કારણો

હરસ મસા ઘણા કારણો થી થાય છે, જેમ કે વારસાગત રીતે લોહીની નળીઓની નબળાઈ ને કારણે, કબજીયાતના લીધે સંડાસ જતી વખતે કરવા પડતા જોરના કારણે અથવા વધુ માત્રામાં જુલાબ લેવાના કારણે, વધુ પડતા ઝાડા થવાના કારણે, ગર્ભવતી સ્ત્રીઓમાં હસર મસા વધુ જોવામાં આવે છે.

## હરસ મસાને અટકાવવાના ઉપાયો

થોડીક કાળજી વધુ સારૂ પરિણામ લાવે છે, હરસ મસાને અટકાવવા જીવનશૈલી માં ફેરફાર કરવો જરૂરી છે. સૌથી પ્રથમ અને અગત્યનું એ છે કે મળ નરમ આવે અને મળત્યાગ કરતી વખતે જોર કરવું ના પડે,કબજીયાત ન થવી જોઈએ, રેશાવાળા પદાર્થો વધું ખાવા જોઈએ. મળત્યાગ ની ઈરછા રોકવી નહી. જરૂર કરતા વધું સમય સુધી કમોડ ઉપર બેસી ન રહેવું જોઈએ.

## મસાની સારવાર

**Cyrosurgery :**

આ પદ્ધતિમાં નાઈટ્રસ ઓકસાઈડ ગેસથી મસાને બાળી નાખવામાં આવે છે.આમાં દર્દીને બેભાન કરવાની જરૂર નથી પડતી, દર્દીને હોસ્પિટલમાં દાખલ પણ થવું પડતું નથી.



**Infraded Coagulation :**



આ પદ્ધતિમાં કિરણોથી મસાને બાળી નાખવામાં આવે છે. આમાં દર્દીને હોસ્પીટલમાં દાખલ થવું પડતું નથી. આ પદ્ધતિ સરળ અને અસરકારક છે, તથા તેની કોઈપણ જાતની આડ અસર નથી. ગર્ભાવસ્થા અને ડાયાબિટીસ, હદયરોગ વગેરે માં કરી શકાય છે.

**DGHAL :**



આ પદ્ધતિ ઘણા વધી ગયેલા મસા તથા ખુબજ લોહી નિકળતા મસા માટે શ્રેષ્ઠ છે. મસા વિકસિત કરતી લોહીની નળીઓને ચોકકસ સાધનની મદદથી અલગ તારવીને અવરોધિત કરી દેવામાં આવે છે. આ પદ્ધતિ સરળ અને અસરકારક છે. દર્દીને બેભાન બનાવવાની જરૂર પડતી નથી. દર્દીએ હોસ્પિટલમાં દાખલ થવાની જરૂર પડતી નથી. તેની કોઈપણ જાતની આડઅસર નથી. આ પદ્ધતિનો સફળતાઓ આંક લગભગ ૯૪ ટકા જેટલો છે.

**Radio Frequency:**



આ પદ્ધતિમાંમાં ચોકકસ સાધનની મદદથી 6.15 Mhz ના તરંગો થી મસા દુર કરવામાં આવે છે. આ પદ્ધતિ સરળ છે.

દર્દીને હોસ્પિટલમાં દાખલ થવું પડતું નથી. માત્ર સામાન્ય એનેસ્થેશિયાની જરૂર પડે છે.

**Diode Laser:**




આ પદ્ધતિમાં અદ્યતન ડાયોડ લેઝર ફાયબરની મદદથી મસા બાળી નાખવામાં આવે છે.

**સૌજન્ય**

**ડૉ. અજીત કુકરેજા**

MS, FICS, FIAGES, LLB

**ગેસ્ટ્રો-ઈન્ટેસ્ટીનલ સર્જન અને એનોરેક્ટલ સર્જન**

મો. +91-93270 55802

ઈમેલ: ajit.kukreja@cimshospital.org

CIMS
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

# "સીમ્સ ઈસ્ટ" હોસ્પિટલ

## (નોન-કોવિડ હોસ્પિટલ)

**બધી સર્જીકલ અને મેડીકલ મલ્ટી-સ્પેશ્યાલીટી સર્વિસ ઉપલબ્ધ છે.**




અલગ બિલ્ડીંગ



વિશેષ અલગ સ્ટાફ



અલગ પ્રવેશ



અલગ ઈમરજન્સી રૂમ

## સુરક્ષિત સર્જરી સીમ્સમાં

દર્દીની સલામતી માટે વિશેષ પ્રોટોકોલ
પ્રોપર પર્સનલ પ્રોટેક્ટીવ ઈક્વિપમેન્ટ (PPEs)

**બંને બિલ્ડીંગ** ની અલગ સુવિધાઓ
અલગ થી **કેન્સર** અને **રેડિયોથેરાપી સેન્ટર**

૪.૦ એકર જમીન પર
**૫૦૦,૦૦૦ સ્કેવર** ફુટ માં **બંને અલગ બિલ્ડીંગ**

CIMS News Care & Cure Registered under RNI No. GUJBIL/2010/39100
Published 25th of every month
Registered under Postal Registration No. GAMC-1813/2020-2022 valid upto 31st December, 2022
issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 30th to 5th of every month
Licence to Post Without Prepayment No. PMG/HQ/107/2020-2022 valid upto 31st December, 2022

**If undelivered Please Return to**

**CIMS Hospital**
Nr. Shukan Mall, Off Science City Road,
Sola, Ahmedabad-380060.
Phone : +91-79-2771 2771-72
Mobile : +91-98250 66664, +91-98250 66668

**Subscribe "CIMS News Care & Cure" :** Get your "CIMS News Care & Cure", the information of the latest medical updates only ₹ 60/- for one year. To subscribe pay ₹ 60/- in cash or cheque/DD at CIMS Hospital Pvt. Ltd. Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060. Phone : +91-79-4805 1059 / 4805 1060. Cheque/DD should be in the name of : **"CIMS Hospital Pvt. Ltd."**
Please provide your **complete postal address with pincode, phone, mobile and email id** along with your subscription

# CIMS HOSPITAL

## WORLD'S BEST HOSPITALS

2020

Newsweek

POWERED BY statista

**CARE INSTITUTE OF MEDICAL SCIENCE**

CIMS Hospital : Regd Office: Plot No.67/1, Opp. Panchamrut Bunglows, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad - 380060.
Ph. : +91-79-2771 2771-72 Fax: +91-79-2771 2770.
CIMS Hospital Pvt. Ltd. | CIN : U85110GJ2001PTC039962 | info@cims.org | www.cims.org

**Printed, Published and Edited by Preeta Chag on behalf of the CIMS Hospital**
**Printed at High Scan Pvt. Ltd., 'Hi Scan Estate', Sarkhej-Bavla Highway, Changodar. Ahmedabad-382 213.**
**Published from CIMS Hospital, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060.**